# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૩ ● અંક : ૨૪ ● સળંગ અંક : ૧૨૭ ● તા.૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન


કોઈને જુઓ અને
તમારી અંદર રંગોળી પૂરાઈ જાય
ત્યારે સમજવું કે આજે દિવાળી છે!
Happy
Diwali
સર્વેને દિવાળી
તેમજ નવા વર્ષની શુભકામના
Sure Safety
Complete Safety Solutions
PPE Training Consulting & Services
નીશિથ આનંદ દંડ



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# શિક્ષણ સાથે સારા સંસ્કાર મળે એ જરૂરી છે

શિક્ષણ માણસને શિક્ષિત કરે છે, પણ શું સંસ્કારી બનાવે છે? માત્ર અક્ષરજ્ઞાન મેળવીને માણસ પંડિત નથી ગણાતો કે શિક્ષણ પ્રાપ્ત કરનાર સારો માણસ નથી બની જતો. જો આ વાસ્તવિકતા હોત તો ભણેલો ગણેલો વ્યક્તિ ગુનેગાર ન હોય પણ થાય છે ઊલટું. શિક્ષણ પ્રાપ્ત કરેલો વ્યક્તિ વધુને વધુ ઊંઠાં ભણાવવામાં ઉસ્તાદ થઈ જાય છે અને પોતાનું નામ ક્રિમિનલ પ્રોફાઈલમાં દર્જ કરાવી દે છે. દરેકને કંઈ રીતે છેતરી શકાય એના જ ખ્યાલમાં એ સતત રહ્યા કરે છે. માણસને માટે શિક્ષણ મેળવું જરૂરી છે. એનાથી જ તો એની પ્રગતિ થાય છે. સાથો સાથ જો પોતાના સંસ્કારને એ ન સાચવી શકે તો અધોગતિ ભણી પણ એ જ ધકેલાય છે.

શિક્ષણ આપણી સામે જ્ઞાનની અનેક બારીઓ ઉઘાડી દે છે. પણ આપણી હોંશિયારની કસોટી ત્યારે થાય છે કે આપણો મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. અભણ, અજ્ઞાની, અપરાધી કરતાં શિક્ષિત, સમજુ અને સભ્ય કહેવાતો વ્યક્તિ જ ક્રિમિનલ તરીકે વધુ ખતરનાક હોય છે. અભ્યાસ મેળવનાર નામવંત બની શકે છે ને નામચીન પણ થઈ શકે છે. બાહોશ થઈ શકે છે તે બદમાશ પણ થઈ શકે છે. શિક્ષિત બનનાર ચીલો ચાતરીને શાતિર પણ બની શકે છે. આ બધો આધાર શિક્ષિત થનાર સરવાળે પોતાના જ્ઞાનનો ઉપયોગ, શિક્ષણ અભ્યાસનો પ્રયોગ ક્યા વિચાર પ્રવાહ તરફ વાળે છે તેની ઉપર મુખ્યત્વે રહેલો છે.

અગાઉ શિક્ષકને માસ્તર તરીકે ઓળખતા. જે મા ના સ્તર ઉપર રહીને જ્ઞાન, શિક્ષણ અને સંસ્કારનું રોપણ કરતા હતા. પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે લક્ષ આપી તેની સમજ પાંગરે એ માટે જહેમત લેતા હતા. એ શિક્ષકો ખરી રીતે મિત્ર, માર્ગદર્શક અને રહેમિયત રાખનારા હતા. જે ભાવના આજે શૂન્ય થઈ ગઈ છે. ગયા જમાનાની વાત ઊલટી વળી ગઈ છે. આખી પધ્ધતિ, કેળવણીની તરેહ જ પરિવર્તન પામી છે. એમાં શિક્ષકોનો જ શું ગુનો? આખી સિસ્ટમ ધરમૂળથી બદલાઈ ગઈ છે. યંત્રવત શિક્ષણ પધ્ધતિ થઈ ગઈ છે અને શિક્ષકો તો માત્ર પોતાની ડ્યૂટી બજાવતા મૂક્ત થઈ ગયા છે અને સંસ્કાર રોપણનો આખો બોજ મા-બાપ, પરિવારજનો અને સમાજ પર આવી ગયો છે. જેને લીધે બાળકો બહારથી જ્ઞાન મેળવે છે અને પોતાના સંસ્કારને પાંગરે છે.

સંસ્કારી બનવા માટે સારું શિક્ષણ, સારી સંગત અને સારો સાથ મળવો જરૂરી છે. મશીનના બળે સંચાલિત પૈડું પૂરપાટ વેગે દોડે છે પણ તે કઈ દિશા પકડે, ક્યા વળાંકે વળે એ માટે તેની ઉપર કન્ટ્રોલ કરનાર સ્ટિયરિંગ હોવું જરૂરી છે. તેની ઉપર કન્ટ્રોલ કરનાર હોંશિયાર, બાહોશ ચાલક હોવું જરૂરી છે. તો જ વ્હીલના વેગને સાચી, સારી ગતિ મળે, પ્રગતિ મળે. શિક્ષણ સારું મળે તે સાથે સુસભ્ય સંસ્કાર મળે, માનવતા લક્ષી આદર્શ સિધ્ધાંત અને સંવેદના ભર્યા વિચાર આચાર જો મળે તો ભવિષ્ય ઉજ્જ્વળ અને ઉન્નત બને એ નક્કી છે.

– જય જ્ઞાતિમૈયા

# મર્યાદા પુરૂષોત્તમ અને પૂર્ણ પુરૂષોત્તમ

હિંદુ ધર્મમાં દેવ દેવતાઓ, દેવીઓ અઢળક છે. દરેકના અવતારની કથા તેમનો મહિમા અલગ અલગ છે. સૃષ્ટિના મુખ્ય ત્રણ દેવ. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એક સર્જનહાર, બીજા પાલનહાર અને ત્રીજા સંહારહાર, આમાંથી વિષ્ણુના અવતાર એવા રામચંદ્ર અને કૃષ્ણ ભગવાન બંન્ને સામ સામેની પ્રકૃતિ ધરાવનાર તોય સૈના આદર પાત્ર, શ્રદ્ધેય અને ધર્મ આસ્થાથી પૂજાતા દેવ છે.

એક રામાયણના મધ્યબિંદુ, બીજા મહાભારતના મહારથી, રામ ભગવાન શાંત, સૌમ્ય અને વિનયશીલ. પરિવારના આદર્શ અને પ્રેરક જ્યારે કૃષ્ણ ભગવાન યુદ્ધના આટાપાટાના માહિર. મસ્તી મોહ માયાના સર્જક પ્રેમ અનુરાગ અને દોસ્તી અને સખા ભાવના સાચા સંવાહક.

રામાયણ પરિવારમાં પ્રેમ, સંપ અને આદર કેવા હોય તેનું દ્રષ્ટાંત આપે છે. કુટુંબમાં વાત્સલ્ય સાથે ત્યાગ ભાવના પણ જરૂરી છે એનો બોધ આપે છે. સુખ અને શાંતિ રામ રાજ્યનો પાયો છે. એનું જ્ઞાન આપે છે. જ્યારે મહાભારત શું ન કરવું એ પ્રત્યે અંગુલી નિર્દેશ કરે છે. પરિવારમાં કંકાસ, કુસંપ અને ઈર્ષા અદેખાઈ આખરે કુળનાશક બને છે એ જ્ઞાન કરાવે છે. પરિવારની સ્ત્રીઓ, માતાઓનો આદર જળવાય, તેમની ઈજ્જતનું રક્ષણ થાય એનો બોધ આપે છે. પરિવારમાં અઢળક સભ્યો હોવા કરતાં સુસંસ્કારી, સભ્ય અને સમજ ધરાવતા જૂજ સભ્યો હોવા જોઈએ. પરિવારમાં કપટ, ષડયંત્ર અને વ્યસનની લત હોય તો અધોગતિનો રાજમાર્ગ બને છે એનો અહેસાસ આપે છે.

આમ હિંદુ ધર્મના પાવન ગ્રંથો રામાયણ અને મહાભારતનો હાર્દ આપણને ધર્મ, સત્ય અને કર્મની રાહ જ માત્ર નથી દાખવતાં પણ જીવન જીવવાનો રાહ ચીંધે છે. પરિવારનાં વડીલ રામ જેવા મુત્સદી અને મર્યાદાશીલ હોય તો જ એને મર્યાદા પુરૂષોત્તમ કહેવાયા છે અને કૃષ્ણ જેવા ધર્મ અને કર્તવ્યની મર્યાદાનું રક્ષણ કરનાર શસ્ત્રધારી હોવાને લીધે પૂર્ણ પુરૂષોત્તમ કહેવાયા છે.

આદર્શ જીવન જીવવામાં આ બંન્ને ચરિત્ર પાત્રોનું ચિત્રણ આપણને પથદર્શક બની રહે એવું છે. તેમના ગુણોને અનુસરવાનો પ્રયત્ન કરીએ તો એક આદર્શ જીવન આપણે સર્જી શકીએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)



## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પ.પૂ.સાધ્વીજી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા.ના ઓળીના તપસ્વી પારણા થયા





પ.પૂ.સાધ્વીજી ભગવંત શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા.ના ૪૪+૪૫+૪૬ ઓળીના તપસ્વી પારણા મહોત્સવ ભવ્યતા ભવ્યથી થયા. ઉપસ્થિત સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ અદ્ભૂત અવસરમાં સામેલ થઈ ધર્મભાવથી ધન્ય થયા હતા.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ટી.વી. એક્ટ્રેસ એકતા જૈન આગામી ફિલ્મમાં પોલીસ ઈન્સપેક્ટરના રોલમાં રૂપેરી પડદે દેખાશે




મંજલ કચ્છ હાલે મલાડના એકતા હિરાચંદ દંડ અભિનયક્ષેત્રે એકતા જૈનના નામે ઓળખાય છે. તેની આગામી ફિલ્મ શતરંજ જે હિતેન તેજવાની સાથે દિગ્દર્શક દુષ્યંત પ્રતાપ સિંગના નિર્દેશનમાં બને છે. એમાં પોલીસ ઈન્સપેક્ટર તરીકે રોલ ભજવશે. આ પાત્ર ભજવવા તે અતિ ઉત્સાહીત છે. મહિલા પોલીસ અધિકારીનું પાત્ર તેના માટે ચેલેન્જિંગ રૂપ છે. જે તેને પ્રોત્સાહિત કરે છે.

ફિલ્મ તેમજ ટીવી પડદા પર એકતા જૈન અભિનયના ઓજસ પાથરે છે. ફિલ્મ નાયક ધી સુપર હિરો, અન્જાને ધ અનનોન અને ખલીબલી હોરર કોમેડી ફિલ્મ બેબી સિટર, મિલેટરી કેમ્પ, અતિથિ અને મીનાનો માંડવાડોમાં તેની કલા છલકી છે અને તે ઘણી ભાષા જાણે છે.

**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વોટ્સએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



|| દેવાધિદેવ શ્રી શાંતિનાથાય નમો નમ : ||

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – સાંધવ



## શ્રી સાંધવ નગરે ધર્મ વર્ષા ચાતુર્માસ
## ચાતુર્માસ પૂર્ણાહુતિએ ત્રિયાન્હિકા મહોત્સવ



**દિવ્યકૃપા :** અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

**દિવ્યાશીષ :** ચાતુર્માસ આજ્ઞાદાતા અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભાશીર્વાદ :** અચલગચ્છ નાયક **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** પૂજ્યશ્રીના શિષ્યરત્ન **પ.પૂ. મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા.**ના સાનિધ્યમાં વર્તમાન ચાતુર્માસનો પ્રારંભ ઉમંગ અને ઉલ્લાસથી થયો. કોરોના માહમારીના આ કાળમાં પાંચ મહિના સતત સાધના, અવિરત આરાધના, તપ-જપ તેમજ ધાર્મિક અનુષ્ઠાનો થી કર્મોની નિર્જરા કરાવતો ચાતુર્માસ.

સંવત ૨૦૭૬ના ચાતુર્માસના સમયની સરીતા આંખના પલકારાની જેમ વહી રહી છે. હવે પૂર્ણાહુતિનો સમય બહુજ નજદીક આવી રહ્યો છે. ત્યારે પૂર્ણાહુતિ પર્વ પણ કંઇક નોખી અનોખી રીતે ઉજવી અવિસ્મરણીય અને યાદગાર બનાવતા ત્રિયાન્હિકા મહોત્સવનું આયોજન કરવાનો નિર્ધાર કરેલ છે.

### પ્રથમ દિવસ

**કારતક સુદ ૧૪ શનિવાર, તા. ૨૮-૧૧-૨૦૨૦**

સવારના વ્યાખ્યાન, બપોરે ૨.૩૦ કલાકે : પંચકલ્યાણક પૂજા ચાતુર્માસિક દાતા પરિવારો તરફથી, રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના

### બીજો દિવસ

**કારતક સુદ ૧૫ રવિવાર, તા. ૨૯-૧૧-૨૦૨૦**

સવારના શ્રી શંત્રુજય તીર્થ આરાધના, ૧૦૮ ખમાસમણા તથા કારતક પૂનમનો મહિમા ગાન પૂજ્યશ્રી દ્વારા. બપોરે ૧.૩૦ કલાકે શ્રી વર્ધમાન સક્સ્તૃવ દ્વારા શાંતિનાથ દાદાના મહાઅભિષેકના લાભાર્થી : ચાતુર્માસિક દાતા પરિવારો, રાત્રે પ્રભુજીની ભક્તિ ભાવના

### ત્રીજો દિવસ

**કારતક વદ ૧ સોમવાર, તા. ૩૦-૧૧-૨૦૨૦**

સવારના ૭.૦૦ કલાકે ચાતુર્માસ પૂર્ણાહુતિ અને ઠાણાઓ ઠાણં, સવારે ૭.૪૫ કલાકે તપસ્વીઓના પારણાં, સવારે ૯.૦૦ કલાકે આરાધકોની સુંદર અનુમોદના, સવારના ૧૦.૩૦ કલાકે પ્રવેશદ્વારનું ઉદ્દઘાટન **માતુશ્રી રસીલાબાઇ માણેકજી લોડાયા પરિવાર** દ્વારા ભાચુંડા-તેરા માર્ગપર સાંધવ નગરના પાદરે નિર્માણ કરાયેલ નૂતન પ્રવેશ દ્વારનું ઉદ્દઘાટન મ.સા.ના માંગલિક દ્વારા થશે. બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી શાંતિનાથ દાદાનું સંતિકર મહાપૂજનના લાભાર્થી : **માતુશ્રી રસીલાબાઇ માણેકજી લોડાયા પરિવાર**

સોનામાં સુગંધ તા. ૩૦-૧૧-૨૦૨૦ સોમવાર સુધરી થી **પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા.** તથા કોઠારાથી **પ.પૂ. સાધ્વીજી શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.** પધારશે.

ચાતુર્માસના દાતા પરિવારો તેમજ પર્વ પર્યુષણના દાતા પરિવારોએ દિલની દિલેરીથી પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી સુકૃતનો સંચય કરેલ છે. એવા સર્વે દાતા પરિવારનું શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ અનુમોદના સહ આભાર વ્યક્ત કરે છે.



**ત્રિયાન્હિકા મહોત્સવે સૌ સાંધવવાસીઓ, નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ.**



**નોંધ :** વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કાર્યક્રમ રહેશે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – સાંધવ**
**પ્રમુખશ્રી : શામજી નરશી દંડ અને ટ્રસ્ટી ગણ**

# સંજીવની કેસ નં. ૩૪ માટે રૂ. ૧.૬૫ લાખની જરૂરિયાત સૌ સાથે મળી વહેલી તકે પૂરી કરીએ




સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની જ્ઞાતિજનોની અણધારી આફતની ઘડીમાં રાહત આપતી એવી કલ્પવૃક્ષ સમી સંજીવની યોજના સમક્ષ કેસ નં. ૩૪ અંતર્ગત રૂા. ૧.૬૫ સહાય માટે અરજી આવી છે.

ઉમર વર્ષ ૭૧ વયના માતુશ્રી ચંપાબેન ભવાનજી ગોસર બારાઈ હાલે ચુનાભટ્ટી સુશ્રુષા હોસ્પિટલ દાદરના આઈસીયુમાં જમણા પડખે પક્ષાઘાત અને મોઢાના ડાબા પડખે બ્રેઈન સ્ટ્રોકને લીધે વિચલન અવસ્થાની સારવાર માટે ભરતી થયા છે. વીમા કવચનું રક્ષણ ધરાવતા નથી થોડી ઘણી બચત કોવિડના સમયકાળમાં ખચાઈ ગઈ. અંદાજિત કુલ ખર્ચ ૩.૫૦ લાખ છે. પણ પરિવાર સારવારની અડધી રકમ મળે એ ઈચ્છા ધરાવે છે. જેથી આ આપત્તિકાળને સુખરૂપ ઓળંગી શકે.

ઉજાસ પર્વના આ દિવસોમાં જ્ઞાતિના વડીલ જનનું જીવનમાં અંધારુ વ્યાપી ગયેલ છે. દર્દીની પીડા આપણે સમજી શકીએ પણ લઈ ન શકીએ પણ તેમને જોઈતી મદદ માટે આપણે હાથ જરૂર લંબાવી શકીએ. આવો આપણે સૌ જ્ઞાતિજનો વડીલ માતુશ્રીના જીવનમાં ઉજાસનું એક કીરણ આપી સહાય રૂપ થઈએ. એવી આશા મેડિકલ સમિતિ રાખે છે.

# શેગાંવ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ

શ્રી સંઘની આઠ આઠ વર્ષની આગ્રહભરી વિનંતીને ધ્યાનમાં રાખી અચલગચ્છાધિપતિ શ્રી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વર મ.સા.ની આજ્ઞા-આશિષથી પ.પૂ.સાધ્વીશ્રી વિજય પૂર્ણાશ્રીજી મ.સા.આદિ ઠાણા શેગાંવ સંઘના આંગણે ચાતુર્માસાર્થે પધાર્યા.

કચ્છ જખૌના માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદભાઈ મૈશેરીના ગૃહ આંગણેથી પૂજ્યશ્રીનો શાંતિપૂર્ણ પ્રવેશ થયેલ ત્યાર બાદ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સર્વે પ્રવૃતિઓ સ્થિગિત કરવામાં આવેલ પરંતુ પૂજ્યશ્રીના નિરામય સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી સકળ સંઘના ભાઈ-બહેનો ઉલ્લાસપૂર્વક ભાગ લીધો. પૂજ્યશ્રીને પાંચે મહિના ઉપાશ્રયમાં જ સુંદર સુવિધા વૈયાવચ્છ કરાયેલ.

જ્યારે શ્રી સંઘના ઘરોમાં કોરોનાએ ભરડો લીધો ત્યારે સંઘના યુવા કાર્યકર્તા આશીષભાઈ સૂર્યકાંત ભાયાણીએ તરત જ નિર્ણય લઈ ત્યાંજ રસોડું કરી આપ્યું ને છેલ્લાં ઘણા માસથી સંપૂર્ણ સંચાલન તેમની રાહબરી હેઠળ સુંદર રીતે ચાલે છે. પૂજ્યોથી વંચિત ક્ષેત્રોમાં પણ કોઈ બીજી પ્રવૃતિઓ ન થવા છતાં ઉછળતા ભાવે ૫-૫ મહિના પૂજ્યોની અવિસ્મરણીય ભક્તિ કરેલ છે. શ્રી સંઘ તમામ આરાધકોની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

કારતક માસ પૂર્ણિમા બાદ પૂજ્યશ્રી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન પ્રફુલ્લાબેન વોરા મહાવીર સોસાયટી નિવાસ સ્થાને રહેશે. ત્યારબાદ યોગ્ય મુહૂર્તે પૂજ્યશ્રી ખામગામ તરફ વિહાર કરવાના ભાવ રાખે છે. સંપૂર્ણ લોકડાઉન અને તે પૂર્વે પણ પૂજ્યશ્રી ચાર મહિના શેષકાળ ત્યાજ રહેલ અને ડિસેમ્બર તેમજ જાન્યુઆરીમાં પણ ખામગામ રહેવાના ભાવ રાખે છે. તે સૌની જાણ ખાતર પૂજ્યશ્રીનો સંપર્ક ખામગામમાં કરશો.

આ વર્ષે માગસર સુદ ૬ને તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૦ રવિવાર રોજે પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૫૦મા વર્ષમાં પદાપર્ણ કરી રહ્યાં છે. તો આખું વર્ષ તપ-જપ આરાધનામાં વીતે એવી ભાવના સાથે આપણે અનુકૂળતા મુજબ તેમાં જોડાઈએ.




# શિવમસ્તુતીર્થે ૧૮ અભિષેક અનુષ્ઠાનની ભવ્ય આરાધના થઈ



કચ્છ માંડવી નગર પરિસરમાં આવેલા અલૌકિક અને અદ્‌ભૂત ધર્મતીર્થ શિવમસ્તુ તીર્થ મધ્યે પ.પૂ. પૂર્ણભદ્રસાગરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અઢાર અભિષેકની ભવ્ય ધર્મ આરાધના થઈ. સંઘના બહુ સંખ્ય શ્રાવક શ્રાવિકાઓ આ દિવ્ય આરાધનાઓમાં સહભાગ લઈ ધન્ય ધન્ય થયાં હતા.








**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મુલુંડ પૂર્વ અચલગચ્છ જૈન સંઘમાં
# શ્રી વર્ધમાન શક્રસ્ત મહાભિષેક આરાધના કરાઈ







મુલુંડ પૂર્વ અચલગચ્છ જૈન સંઘના તત્વાધાનમાં સાહિત્ય દિવાકર સૌમ્ય સ્વાભાવી અચલગચ્છ નાયક પ.પૂ.આચાર્ય દેવેશ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના ધર્મ પ્રભાવક નિશ્રામાં તા. ૮ નવેમ્બર રવિવાર દિને સવારે ૯ કલાકે અદ્‌ભૂત, અલૌકિક, આનંદદાયક શ્રી વર્ધમાન શક્રસ્ત મહાભિષેક દ્વારા ધર્મ આરાધના કરાઈ.

# વર્ધમાન જિનેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા સેવાકાર્ય

શ્રી શત્રુંજય તીર્થ પાલીતાણામાં આદિનાથ હૉસ્પિટલનું નિર્માણ કાર્ય ચાલુ છે. જ્યાં પૂ.સાધ્વીજી ભગવંત સાધુ ભગવંત આદિ સાથે બીજા વ્યક્તિઓનું પણ ઉપચાર થશે.આનું સંચાલન વર્ધમાન જિનેશ્વર સેવા ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. જેમાં બાહ્ય રોગી વિભાગ (ઓપીડી)ના લાભાર્થી પરિવાર સૌ.જ્યોતિબેન રાયચંદ છેડા પરિવાર (નલિયા-સિહોર) હસ્તે સૌ.રશ્મિ જૈન - અમદાવાદ અને સૌ.પ્રિતી યશવંત છેડા (ભાટાપારા) એ પ.પૂ.સાધ્વીજી ગણશશીપ્રભાજી મ.સા., સમ્યકદર્શનાશ્રીજી મ.સા. એ શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી રૂા.૧૧,૦૦,૦૦૦ (રૂા.૧૧ લાખ)નું લાભ લીધેલ છે.

આ પરિવાર સદાય ધર્મ, સમાજ અને સેવાકાર્યમાં અગ્રણી રહે છે તે માટે શુભકામના સહિત... આભાર...

# પાલીતાણા તીર્થે કચ્છી ભવનમાં તપસ્વીઓની અનુમોદનાર્થે ૯૯ પ્રકારી પૂજા ધર્મ આરાધના થઈ

પાલીતાણા તીર્થના કચ્છી ભવનમાં પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં પ.પૂ.આ.શ્રી ચારુલત્તાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ની વર્ધમાન તપની ૬૩મી ઓળી, પ.પૂ.સાધ્વીશ્રી અરણ્યાશ્રીજી મ.સા. તથા મુમુક્ષુ કુ.કરિશ્માબેન વોરાના શત્રુંજય તપની અનુમોદનાર્થે ૯૯ પ્રકારી પૂજા દ્વારા ઉત્તમ રીતે ધર્મ આરાધનાઓ કરાઈ.

# ફુલ ખીલે ગુલશન ગુલશન



લોડાયા પરિવાર
માતા - ધારા
પિતા - મેહુલ
ગામ - નલિયા
હાલ - થાણા (પશ્ચિમ)
જન્મ - ૩૧-૧૦-૨૦૨૦

**આરવ**



લોડાયા પરિવાર
માતા - યાશિકા
પિતા - દિપમ
ગામ - વારાપધ્ધર
હાલ - ધુલિયા
જન્મ - ૨૧-૧૦-૨૦૨૦

**ધ્રૂવ**



મોતા પરિવાર
માતા - ખુશ્બુ
પિતા - આશિષ
ગામ - જસાપર
હાલ - ડોંબિવલી
જન્મ - ૨૧-૧૦-૨૦૨૦



**ધનવી**






● કોરોનાની લીધે સતત છ માસથી લોકડાઉન અને મંદીનું કારણ ધરી લોકો વ્યવહારે નીકળતી રકમ ચૂકવવા બહાન કાઢે છે. પરંતુ મુંદરાના બારાઈ રોડ પર આવેલા મારૂતિ માર્ટ શોપિંગ મોલના રઘુવંશી માલિકે સામે ચડી દોઢ લાખ જેટલી રકમ ચૂકવી ઈમાનદારીનું જવલંત ઉદાહરણ પૂરું પાડ્યું છે. મુંદરાની અમૃત એજન્સીના મુખ્ય સંચાલક પીયૂષભાઈ ગોરનું અવસાન થતાં એજન્સી દ્વારા કોમ્પ્યુટર સ્ટેટમેન્ટ મુજબ જુદી જુદી પાર્ટીનું ચૂકવણું વસૂલવામાં આવ્યું. મારૂતિ માર્ટના માલિક જિતેન્દ્ર ચોથાણી અને પુત્રો કુલદીપ અને પ્રતીક દ્વારા અમૃત એજન્સીને જણાવામાં આવ્યું કે સ્વ. પીયૂષભાઈના હસ્તકની રૂ.૧ લાખ છેતાલીસ હજારની રકમ અમને આપવાની થાય છે. જે વસૂલવા તમારા તરફથી કોઈ અમારો સંપર્ક કર્યો નથી. આમ મારૂતિ માર્ટ દ્વારા સ્ટેટમેન્ટની જાણ બહાર રહી ગયેલ ઉધરાણીની રકમ સામેથી ચૂકવીને ઈમાનદારીનું અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું જે મુંદરા તેમજ સમગ્ર કચ્છના વેપારી જગતમાં નૈતિકતાનું દ્રષ્ટાંત બની ગઈ છે.

● ઐરોલીની યુરો સ્કૂલમાં અભ્યાસ કરતી મુલુંડમાં રહેતી ૭ વર્ષની નિવા સેજલ વિશાલ ગડા એ હકીમો હોંગકોંગ ઈન્ટરનેશનલ મેથેમેટિક ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. જબરદસ્ત યાદદાસ્ત ધરાવતી નિવા સાડાચાર વર્ષની હતી ત્યારથી સાત પ્રકારના રૂબીક ઓછા સમયમાં સોલ્વ કરી લેતી હતી. તેની યુટ્યૂબ ચેનલ પણ છે જેના હજારો ફોલોઅર્સ છે. ઓનલાઈન ઓલિમ્પિયાડ પરીક્ષામાં ૧૪ દેશોના કુલ્લ બે હજાર વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. આ પરીક્ષામાં અલજીબ્રા, જ્યોમેટ્રી વિગેરે વિષયના ત્રીસ પ્રશ્નો બે કલાકના સમય ગાળામાં સોલ્વ કરવા પડે છે. આ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હોવાથી બે વર્ષ પછી જર્મનીમાં જુનિયર મેથ્સ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં પણ તેની એન્ટ્રી કન્ફર્મ થઈ ગઈ છે.

● આકાશવાણી ભુજ અને ઈન્નરવ્હીલ ક્લબ ઓફ ભુજ સિટીના સહયોગથી રસોઈ પર આધારિત સ્પર્ધાત્મક કાર્યક્રમ 'રેડિયો રસોઈ–ટેસ્ટ કા ટશન'નું ગ્રાન્ડ ફિનાલે યોજાયું. જેમાં ભુજની ઝીલ ઠક્કર વિજેતા બની 'રેડિયો શેફ'નો ખિતાબ હાંસલ કર્યો હતો. સતત બે મહિનાથી ચાલતો આ શોમાં કુલ્લ ચાર રાઉન્ડ જનરલ, કર્વાટર ફાઈનલ, સેમિફાઈનલ અને અંતમાં ફાઈનલ રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ખુશ્બૂ મહેતા અમદાવાદ, વેણુ ઠક્કર, રસોઈની રાણી અનીતા ધોળકિયા તેમજ ફાઈનલના નિર્ણાયક 'રસોઈની મહારાણી' સુરભિ વસા રહ્યાં હતા. ફાઈનલ સ્પર્ધાના રનરઅપ મયૂરી સોની રહ્યાં હતાં.

● વર્ષોથી ચાલી આવતી નાગર જ્ઞાતિની પરંપરાને જાળવીને વડનગરા નાગર મહિલા મંડળ ભુજએ દિવાસો, તાપી સાતમ, ત્રીજ અને કાજળી. એમ ચારેય વ્રતની ઉજવણી ઓનલાઈન રીતે કરી હતી. આ ચારેય વિવિધ ઉજવણીમાં અલગ અલગ કાર્યક્રમો, વડીલોનું સન્માન, અંતાક્ષરી, ગરબા ગાવાની સ્પર્ધા, ગરબા, હાઉઝી જેવી સ્પર્ધાઓ યોજાઈ. જેમાં મહિલાઓ સાથે બાળકો તેમજ વડીલો પણ હોંશપૂર્વક ઘેરબેઠાં જોડાયા હતા. વિજેતાઓને પુરસ્કૃત કરવામા આવશે. પ્રવર્તમાન કપરા કાળનો ખોફ ભૂલીને ભુજ તેમજ બહાર ગામથી જ્ઞાતિ બહેનોએ પરિવાર સાથે ચારેય તહેવારોની ઉજવણી આનંદપૂર્વક માણી હતી.

● માધાપરની રઘુવંશી સમાજની યુવતી પિનલ મહેન્દ્ર રાજાણી જે એમ.કોમ., એમ.બી.એ. સહિત નવ શૈક્ષણિક, ઉચ્ચ ડિગ્રી ધરાવે છે. તેની પ્રતિષ્ઠ વૂમન એક્સલન્સ અચિવમેન્ટ એવોર્ડ ૨૦૨૦ માટે પસંદગી થઈ છે. આ એવોર્ડ માટે વિશ્વભરમાંથી બે હજાર એન્ટ્રી આવી હતી. જે પૈકી ૮૦ મહિલાઓનું ચયન થયું છે. આ અગાઉ પિનલને ગુજરાત ગૌરવ, મહાપ્રતિભાશાળી સન્માન, શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ, કચ્છ શક્તિ સહિત ૧૫૦ થી વધુ એવોર્ડ અને સન્માન મેળવી ચૂકી છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**દામજી ધનજી નાગડા**
તા.૧૧ નવે. (ઉ.૮૬)
રંગપુર



**હિરાવંતી લહેરચંદ ગોસર**
તા.૭ નવે. (ઉ.૬૯)
બારોઈ-કારંજા



**કમલેશ હંસરાજ મૈશેરી**
તા.૮ નવે. (ઉ.૬૧)
મોટી સીંધોડી-ચાલીસગાંવ



**ખીમજી ચાંપશી લાલકા**
તા.૧૨ નવે. (ઉ.૬૮)
વારા પધ્ધર - વાપી



**પ્રફુલ મેઘજી મોતા**
તા.૯ નવે. (ઉ.૪૯)
લાખણીયા-જખૌ



**પુનમચંદ હરશી મોતા**
તા.૭ નવે. (ઉ.૬૩)
લાલા-શેગાંવ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**પરમ પ્રભુ પરમાત્મા સદ્‌ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

**# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.**

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**